# India-U.S. Foreign Office Consultations

July 07, 2020

## ભારત-અમેરીકા વિદેશ કાર્યાલયનાં પરામર્શ

જુલાઇ 07, 2020

વિદેશ સચિવ હર્ષવર્ધન શ્રૃંગલા અને યુ.એસ.નાં રાજકીય બાબતોનાં અન્ડર સેક્રેટરી ઑફ સ્ટેટ ડેવિડ હેલ એ 7 જુલાઇ 2020 નાં રોજ વર્ચ્યુઅલ વિદેશ કાર્યાલય પરામર્શનું આયોજન કર્યું હતું. તેઓએ ભારત-યુએસ વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદાર અંતર્ગત રાજકીય, આર્થિક, વાણિજ્યિક, પ્રાંતિય અને સમગ્ર આંતરરાષ્ટ્રિય સહકાર સહિત પારસ્પરિક સહયોકનાં તમામ મુદ્દાઓ પર સમીક્ષા કરી હતી.

કોવિડ-19 મહામારીની પૃષ્ઠભૂમિમાં, તેઓએ ફાર્માસ્યુટિકલ્સ અને રસી વિકાસ સહિત દ્વિપક્ષીય આરોગ્ય ભાગીદારીઓ વધારે મજબૂત કરવા પર સંમત થયા હતા. તેઓએ વિદ્યાર્થીઓ અને વ્યાવસાયિકો માટે વીઝા સુવિધાનાં માધ્યમથી પારસ્પરિક લાભકારી વ્યાપાર અને લોકો સાતે લોકોનાં જોડાણને સુધારવાનાં માર્ગોની ચર્ચા કરી હતી.

વિદેશ સચિવ શ્રૃંગલા અને અંડર સેક્રેટરી હેલ એ સહિયારા હિતનાં ઘણા પ્રાંતિય અને વૈશ્વિક મુદ્દાઓ પર દ્રષ્ટિકોણની આપ-લે કરી હતી. તેઓએ સ્વતંત્ર, મુક્ત, સમાવેશક, શાંતિપૂર્ણ અને સમૃદ્ધ ઇન્ડો-પેસિફિક સુનિશ્ચિત કરવાની દિશામાં કામ કરવાની પોતાની પ્રતિબદ્ધતાની ફરીથી પુષ્ટિ કરી હતી. તેઓ સંયુક્ત રાષ્ટ્રમાં સહકારને ગહન કરવાની જરૂરીયાત પર સંમત થયા હતા, ખાસ કરીને 2021-2022 અવધી માટે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની બારતની સભ્યતા દરમિયાન.

તેઓ 2+2 મંત્રિસ્તરિય જેવા શ્રેણીબદ્ધ તંત્રો મારફત દ્વિપક્ષીય એજન્ડા પર સંપર્કમાં રહેવા અને આગળ વધવા માટે સંમત થયા જે આ વર્ષનાં અંતમાં ભારતમાં યોજવામાં આવશે.

**નવી દિલ્હી**

**જુલાઇ 07, 2020**

DISCLAIMER : This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.